# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોદી આજે ફ્રાન્સ ખાતે AI એક્શન સમિટની સહઅધ્યક્ષતા કરશે – અનેક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે.

2) દેશભરમાંથી વર્ષ 2024માં 25 હજાર કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના નશીલા પદાર્થો જપ્ત કરવામાં આવ્યા.

3) જમ્મુ કાશ્મિરના મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી, વિવિધ મુદ્દે ચર્ચા કરી.

4) નીતિ આયોગે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણના વિસ્તરણ પર કમિશનનો અહેવાલ જાહેર કર્યો.

5) ભારત ઉર્જા સપ્તાહ 2025નો આજથી નવી દિલ્હી ખાતે પ્રારંભ થશે.

6) અમેરિકાના ગ્વાટેમાલામાં નજીક બસ અકસ્માતમાં 30 લોકોના મોત.

.................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV.NEW NT PM-FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરશે. આ સંવાદનો ઉદ્દેશ્ય ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો છે. તેઓ અનેક મહત્વપૂર્ણ દ્વિપક્ષીય વાટાઘાટોમાં પણ ભાગ લેશે. આ દરમિયાન, ભારત અને ફ્રાન્સ વચ્ચે ઘણા મહત્વપૂર્ણ દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી મોદી આજે કૃત્રિમ બુદ્ધિમતા એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરશે . આ પરિષદનો ઉદ્દેશ્ય કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણો સ્થાપિત કરવાની સાથે જવાબદાર કૃત્રિમ બુધ્ધિમતાના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

દરમિયાન ફ્રાન્સની મુલાકાતે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પેરિસના ભારતીય સમુદાયના લોકોએ પણ પ્રધાનમંત્રી મોદીનું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. અને મોદી-મોદીના નારા લગાવીને અને ત્રિરંગો લહેરાવીને પ્રધાનમંત્રીના આગમનની ઉજવણી કરી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પર ભારતીય સમુદાય પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેમની લાગણીઓ પર ગર્વ વ્યક્ત કર્યો. બાદમાં શ્રી મોદીએ AI સમિટમાં હાજરી આપનારા નેતાઓ માટે ફ્રાન્સના રાષ્ટ્રપતિ દ્વારા આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપી. આ સમયગાળા દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડ વાન્સ સાથે પણ વાતચીત કરી.

ફ્રાન્સમાં આ કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ, પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર બે દિવસ માટે અમેરિકાની મુલાકાતે જશે.

# MORN. PREZ - UNANI DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે યુનાની દિવસ નિમિતે નવી દિલ્હીમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ પણ ઉપસ્થિત રહેશે.

પ્રખ્યાત યુનાની ચિકિત્સક, શિક્ષક અને સ્વાતંત્ર્ય સેનાની હકીમ અજમલ ખાનના જન્મદિન નિમિતે દર વર્ષે 11 ફેબ્રુઆરીને યુનાની દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આયુષ મંત્રાલય હેઠળની અગ્રણી સંશોધન પરિષદ, સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન યુનાની મેડિસિન, "સંકલિત આરોગ્ય ઉકેલો માટે યુનાની દવામાં નવીનતાઓ" વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરી રહી છે.

આ પરિષદ સંવાદ, સહયોગ અને જ્ઞાનના આદાનપ્રદાન માટે એક મંચ તરીકે સેવા આપશે, જેનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યુનાની દવાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવાનો છે.

# DRUG SEIZURE

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કહ્યું કે, માદક દ્રવ્યો સામે તેની શૂન્ય સહિષ્ણુતા નીતિ હેઠળ, વર્ષ 2024 માં 25 હજાર કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના નશીલા પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે.

એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું કે, 2023 માં જપ્ત કરાયેલા 16 હજાર કરોડ રૂપિયાથી વધુના ડ્રગ્સની તુલનામાં તે 55% વધારો દર્શાવે છે.

મંત્રાલયે કૃત્રિમ દવાઓ, કોકેઈન અને સાયકોટ્રોપિક પદાર્થો તરીકે ઉપયોગમાં લેવાતી ફાર્માસ્યુટિકલ દવાઓ સહિત હાનિકારક અને વ્યસનકારક પદાર્થોની જપ્તીમાં વધારો પણ પ્રકાશિત કર્યો.

નોંધનીય છે કે, જપ્ત કરાયેલા કોકેઈનના જથ્થામાં મોટો વધારો થયો છે, જે 2023 માં 292 કિલોથી વધીને 2024 માં 1 હજાર 426 કિલો થયો છે, જ્યારે હશીશની જપ્તી 2023 માં 34 ક્વિન્ટલથી વધીને 2024 માં 61 ક્વિન્ટલ થઈ છે.

## REV ABDULLAH-SHAH MEET

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગઇકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી.

આ બેઠક દરમિયાન, બંને નેતાઓએ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો, સુરક્ષા પરિસ્થિતિ, બજેટ સત્ર અને શાસનના મુદ્દાઓ પર ચર્ચા કરી. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા પછી શ્રી અબ્દુલ્લાની ગૃહમંત્રી સાથે આ ત્રીજી મુલાકાત હતી. શ્રી અબ્દુલ્લાએ બેઠક દરમિયાન ચર્ચા થયેલા મુદ્દાઓ પર મીડિયા સાથે વાત કરતાં આ મુજબ જણાવ્યું.....

(BYTE: ABADULLAH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

# NITI AYOG

**નીતિ આયોગે ગઈકાલે નવી દિલ્હીમાં રાજ્યો અને રાજ્ય સરકારી યુનિવર્સિટીઓના માધ્યમથી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણના વિસ્તરણ પર કમિશનનો અહેવાલ જાહેર કર્યા છે.**

**આ પ્રસંગે નીતિ આયોગના વાઇસ ચેરમેન સુમન બેરીએ આશા વ્યક્ત કરી કે, અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોનો કેન્દ્ર અને રાજ્ય સરકારોના મંત્રાલયો દ્વારા અમલ કરવામાં આવશે. તેમણે ભારતીય ટેકનોલોજી સંસ્થાઓ અને રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ જેવી સંસ્થાઓને ઉચ્ચ ગુણવત્તા માટે પ્રયત્નશીલ રહેવા પણ આહ્વાન કર્યું.**

નીતિ આયોગના CEO બી.વી.આર. સુબ્રમણ્યમે કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નો ઉદ્દેશ્ય 2035 સુધીમાં ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીઓની નોંધણી બમણી કરીને લગભગ 9 કરોડ કરવાનો છે. તેમણે આશા વ્યક્ત કરી કે,આ અહેવાલ ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવામાં મદદ કરશે.

નીતિ આયોગના સભ્ય ડૉ. વિનોદ કુમાર પોલે આ અહેવાલને નવી શિક્ષણ નીતિના અમલીકરણ અને 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાના સંદર્ભ સાથે જોડતા જણાવ્યું કે, દેશમાં માનવ મૂડીનું નિર્માણ કરવા અને ભારતને જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે રાજ્ય સરકારી યુનિવર્સિટીઓમાં સુધારા જરૂરી છે.

# DELHI ENERGY WEEK

ભારત ઉર્જા સપ્તાહ 2025નો આજથી નવી દિલ્હી ખાતે પ્રારંભ થશે. મીડિયાને માહિતી આપતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ ચાર દિવસીય મેગા ઇવેન્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. તેમણે કહ્યું કે, આ કાર્યક્રમ મંત્રી અને સીઈઓની ભાગીદારી, પ્રદર્શન જગ્યા અને સત્રોની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વભરમાં બીજો સૌથી મોટો ઊર્જા કાર્યક્રમ હશે.

શ્રી પુરીએ જણાવ્યું કે, દેશમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાની સફળતાને વૈશ્વિક સ્તરે એક મોડેલ તરીકે રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કેનેડા, જર્મની, જાપાન, અમેરિકા અને યુકે સહિત દસ દેશો પોતાના પેવેલિયન સ્થાપશે.

# RAILWAY MAHAKUMBH

પ્રયાગરાજ મહાકુંભમાં માઘી પૂર્ણિમાના સ્નાન પહેલા યાત્રાળુઓ અને પ્રવાસીઓ માટે ખાસ વ્યવસ્થા કરવા માટે ભારતીય રેલ્વે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે પ્રયાગરાજ રેલ્વે સ્ટેશન પર વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. શ્રી વૈષ્ણવે વર્તમાન ભીડની સ્થિતિની સમીક્ષા કરી અને વરિષ્ઠ અધિકારીઓ સાથે રેલવેની તૈયારી અંગે ચર્ચા કરી. દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે મહાકુંભ માટે શહેરના આઠ રેલ્વે સ્ટેશનો પર વિસ્તૃત વ્યવસ્થા કરી છે.

પ્રસ્તુત છે આ અંગે નો અહેવાલ ...

(VOICE CAST-ADARSH KUMAR)

# GUATEMALA-ACCIDENT

ગ્વાટેમાલા શહેર નજીક એક બસ ખાડામાં પડી જતાં ઓછામાં ઓછા 30 લોકો માર્યા ગયા છે  અને અનેક લોકો ઘાયલ થયા.

મળતી માહિતી  મુજબ આ બસ વ્યસ્ત રૂટ પર મુસાફરી કરી રહી હતી ત્યારે તે પુએન્ટે બેલિસથી લગભગ 20 મીટર નીચે પડી ગઈ,. ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની

જાહેરાત કરી અને દેશની સૈન્ય અને આપત્તિ એજન્સીને પ્રતિભાવ પ્રયાસોમાં મદદ કરવા માટે તૈનાત કરી છે.

શહેરના ફાયર સર્વિસના પ્રવક્તાએ જણાવ્યું કે, કાટમાળ નીચે ફસાયેલા અન્ય લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે.

# હવે જોઇએ આજના અખબરોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના તમામ અખબારોમાં મહાકુભમાં ભારે ભીડને કારણે રસ્તાઓ પર કિલોમીટરો સુધીના ટ્રાફિક જામની હેડલાઇન છે. તમામ અખબારોએ ટ્રાફિક જામ ના દ્રશ્યો પહેલા પેજ ઉપર તસવીર સ્વરૂપે પ્રસિધ્ધ કર્યા છે.

- ગુજરાત સમાચારે હેડિંગ બનાવ્યું છે કે, મહાકુંભમાં મહાભીડઃ દેશોનો સૌથી મોટો ટ્રાફિક જામ.

- સંદેશે લખ્યું છે કે, મહાકુંભમાં જવાના રસ્તે લાખો અટવાયા.

- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, પ્રયાગરાજમાં ત્રણ દિવસથી દરરોજ પાંચ લાખ વાહનો આવી રહ્યા છે, આવતીકાલ સુધી રાહત નહીં ના સમાચાર હેડલાઇનમાં છે.

- આ ઉપરાંત તમામ અખબારોએ ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારના,રાષ્ટ્રપતિ દ્વારા મહાકુંભમાં સ્નાન તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી પરીક્ષા પે ચર્ચાના સમાચાર પણ દરેક અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.

- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારમાં દરેક ગુજરાતી અખબારોએ ટીમ ઇન્ડિયાના અમદાવાદમાં આગમનના સમાચાર તસવીરો સાથે છાપ્યાં છે. આ ઉપરાંત રાજ્યભરમાં આજથી સરકારી કચેરી ઉપર કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત અભિયાનને પણ સ્થાન આપ્યું છે. ધીમા પગલે ઉનાળાનું આગમન પણ દરેક અખબારોએ છેલ્લા પેજ ઉપર કવર કર્યું છે..